# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-01-2026 Day: Wednesdays Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ખારાઇ ઊંટ – ચેર અંગે રાષ્ટ્રીય પરામર્શ

કચ્છની વિશિષ્ટ ઓળખ સમાન ખારાઈ ઊંટોની ઘટતી સંખ્યા અને ચેરના જંગલોના સંરક્ષણ માટે ‘કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન’ તથા ‘સહજીવન’ સંસ્થા દ્વારા રાષ્ટ્રીય પરામર્શ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભારત સરકારના પશુપાલન કમિશનર, નેશનલ બ્યુરો ઓફ એનિમલ જેનેટિક રિસોર્સ અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ, BSFના પ્રતિનિધિઓ, ખારાઈ ઊંટ સાથે કાર્ય કરતી વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સહિત માલધારી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

પરામર્શનો મુખ્ય હેતુ માલધારીઓના પડકારો સમજી નીતિગત ઉકેલો શોધવાનો હતો. વન વિભાગે ચેર વિસ્તારના સંયુક્ત વ્યવસ્થાપન માટે અને BSF દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા સાથે માલધારીઓની ચરિયાણ સુધીની પહોંચ માટે સંવાદથી ઉકેલ લાવવાની ખાતરી અપાઈ હતી. પશુપાલન મંત્રાલયે ખારાઈની નસ્લ સંરક્ષણ અને આરોગ્ય માટે નાણાકીય-તકનીકી સહયોગની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જી.પી.સી.બી.એ ઔદ્યોગિક દબાણો સામે સહાયની ખાતરી આપી હતી. આમ, કચ્છના આ અમૂલ્ય પર્યાવરણીય વારસાને બચાવવા માટે એક મજબૂત વ્યવસ્થા ઊભી કરવાનો સંકલ્પ કરાયો હતો.

**-----------------------------------------------------------------------------------------**

## ધોળાવીરા પતંગ મહોત્સવ અંગે બેઠક

વિશ્વ ધરોહર ધોળાવીરા ખાતે આગામી ૧૦ જાન્યુઆરીના રોજ ગુજરાત પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'નું આયોજન

કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવા માટે કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને ભુજ ખાતે બેઠક યોજાઈ હતી.

આ મહોત્સવમાં ૧૮ દેશોના ૪૫ અને ૭ રાજ્યોના ૨૩ પતંગબાજો ભાગ લેશે. જિલ્લા કલેકટરે પતંગબાજો માટે રહેવા-જમવાની વ્યવસ્થા, કાઇટ સ્ટોલ, સ્ટેજ, પાર્કિંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો અંગે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં, સુરક્ષા અને સુવિધા માટે મેડિકલ ટીમ, ફાયર બ્રિગેડ, મોબાઇલ ટોયલેટ અને ટ્રાફિક નિયમન જેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી.

----------------------------------------------------------------------------------------

## અંજાર ખેતીવાડી બજાર સમિતિ

અંજાર ખેતીવાડી બજાર સમિતિ ખાતે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના પ્રયાસોથી શરૂ કરાયેલા ખરીદ કેન્દ્રોમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળ્યા છે. ૧૦ નવેમ્બરથી ૧૩ ડિસેમ્બર દરમિયાન ૨,૩૨૮ ખેડૂતો પાસેથી **56** હજાર **650** ક્વિન્ટલ મગફળીની ખરીદી કરવામાં આવી હતી, જેનાથી ખેડૂતોને અંદાજે સાત કરોડ રૂપિયાનો સીધો ફાયદો થયો છે.

સાથે જ, કોટન કોર્પોરેશન ઈન્ડિયા દ્વારા **8** હજાર **40** થી **8060**ના ભાવે **60** હજાર **253** ક્વિન્ટલ કપાસની ખરીદી કરાઈ હતી, જેની કુલ કિંમત અંદાજે **49** કરોડ રૂપિયા થાય છે. બજરંગ કૃષિ સેવા સહકારી મંડળી અને કચ્છ ફાર્મર પ્રોડયુસર કંપનીના સહયોગથી ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ મળતા ખુશી જોવા મળી હતી.

----------------------------------------------------------------------------------------

## પીજીવીસીએલ દ્વારા અપીલ

પીજીવીસીએલ ભુજ દ્વારા જનતાના હિત માટે આગામી પતંગ મહોત્સવ નીમિત્તે સાવચેતીના ભાગરૂપે જરૂરી પગલા લેવા જણાવાયું છે. પતંગ મહોત્સવ દરમિયાન ખુલ્લા વીજળીના તારને ન અડવા, તાર પર ચડેલી પતંગ લેવા લંગર ન નાખવા, ઘરની આજુબાજુ કે કોઇપણ જગ્યાએ થાંભલા કે વીજળીના તારમાં અટવાયેલા પતંગ લેવા માટે લાકડી કે લોખંડના

સળિયા વડે તેને કાઢવાની કે ત્યાં ચડવાના પ્રયાસ ન કરવા, મેગ્નેટિક ટેપ, સિન્થેટીક દોરી કે વીજવાહક માંજા તથા અન્ય વાયરોનો ઉપયોગ ન કરવા અનુરોધ કરાયો છે. પતંગ ઉડાવતી વખતે બાળકોને વીજ તારથી દૂર રાખવા તથા વીજ તારના સંપર્કમાં ન આવે તે બાબતે કાળજી રાખવા અને વીજ અંગેની ફરિયાદ માટે પીજીવીસીએલની સંગલ્ગન પેટા વિભાગીય કચેરી પર રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક કરવા જણાવાયું છે.

-----------------------------------------------------------------------------------

## હવામાન

સમગ્ર રાજ્યની સાથે કચ્છમાં પણ તીવ્ર ઠંડીની અસર લોકો અનુભવી રહ્યા છે. અબડાસાના મુખ્ય મથક નલિયા **9.0** ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે આજે રાજ્યના સૌથી ઠંડા સ્થળોમાં પ્રથમ ક્રમે રહ્યુ છે. અન્ય સ્થળોની વાત કરીએ તો આજે ભુજમાં લઘુત્તમ તાપમાન **12** ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર **15** ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ત્રણ દિવસ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં **2-3** ડિગ્રી સેલ્સિયસનો ક્રમશઃ વધારો થવાની શક્યતા છે.

-----------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં નગરપાલિકા દ્વારા કામગીરી

ગાંધીધામ અને આદિપુરમાં પાણીના **10** થી વધુ નમૂના ફેલ થતા મહાનગરપાલિકા દ્વારા તે દિશામાં કામગીરી શરૂ કરાઇ છે. નગરપાલિકાના અધિકારીઓ દ્વારા તમામ પાણીના ટાંકાઓ પર સુપર ક્લોરિનેશન કરવા અને નવા નમૂના લેવા સૂચના અપાઈ છે. આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વે શરૂ કરાયો છે. સાથે જ, વિકાસકામો દરમિયાન તૂટતી લાઈનોનું તુરંત સમારકામ કરવા અને ટાંકાઓની સફાઈ કરવા તાકીદ કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------

## બિદડા સર્વોદય ટ્રસ્ટ કેમ્પ

બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત આરોગ્યધામ ખાતે પરમાં મેગા કેમ્પ અંતર્ગત બે દિવસીય હ્રદયરોગ શિબિર યોજાઈ હતી. વિવિધ દાતાઓના સહયોગથી આયોજિત આ કેમ્પમાં ૧૯૯ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી, જેમાં ૯૭ દર્દીઓના ઓપરેશન સફળતાપૂર્વક કરાયા હતા.

---------------------------------------------------------------------------------